# તફાદી

તફાદી યઅની કે ફિદાગીરી જે એક એવી વચન બધ્ધતા છે કે જે 'તફકકુર' માંથી પેદા થાય છે સચ્ચી તફાદી એ એક એવી સફરનો નતીજો છે જે અકલથી શરૂ થઇ દિલની તરફ પહોંચે છે.

બિનશરતી મોહબ્બત અને ફિદાગીરીના બારામાં લખીએ કે પહેલી તસવ્વુર શમ્અ અને પરવાનાની હર કોઇ શખ્સના દિમાગમાં આવે છે, કે જે પરવાનો શમ્અ તરફ ખેંચાઇને એના પર નિસાર થઇ જાય છે શમ્અ અને પરવાનાની મિસાલથી ઘણી બધી નઝમો, ગઝલો અને ગધ-પધ નુમુદમાં આવ્યા છે.

મગર, મુમીનીન ના માટે તફાદીની મઅના એના મૌલા પર નિસાર થાવાની છે, કે જે સચ્ચી મઅરેફતસી હાંસિલ થાય છે. એમાં હવાનફસીની કોઇ જગહ નથી. ખરેખર હવાનફસીને તઅબેઅ થવાના સબબ તફાદીની સચ્ચી માઅના જિસ્માની ચમક દમકમાં લુપ્ત થઇ ગઇ છે.

જ્યારે કોઇ મુમીન એના મૌલા પર તફાદી ઝાહિર કરે છે ત્યારે એ એના દિલના ફક્ત સ્પંદન જ નથી હોતા. એ તો એક એવી વચનબધ્ધતા હોય છે કે જે વખતોવખત કસોટીની એરણ પર મૂકાતી હોય છે જેમાં એને હવાનફસીને તજીને ઘણી મુશ્કીલ પસંદગીઓ કરવાની હોય છે.

પોતાની ઝાતને ખુદાને સુપુર્દ કરવી એ એક દિમાગની બહુ મોટી કાર્યવાહી છે. ખરી તફાદી તે એ છે કે મરવાના પહેલાં વારંવાર મરવું, નફસે અમ્મારાને લગાતાર મારતા રહેવું. કોઇ શમ્અ પર પરવાનાના ક્ષણિક આકર્ષણથી ઝંપલાવા કરતાં આ તફાદી વધારે મુશ્કિલ છે કે જેમ સૈયદી શેખ સાદીકઅલી પોતાની નસીયતમાં મુમિન ને હિદાયત દે છે -

"મરવાની ઘડી હરગિઝ હિરદાથી વિસરજેના
જાહિલના મરા મુજિબ નાદાન તૂ મરજે ના
મરવાના અગાડી તૂ શેહવતથી મરી જાજે
લોગો કહે જીવે છે એવું તૂ કરી જાજે."

તો, એમ સાબિત થયું કે આપણામાં મૌલા પર ફિદા થવા વાસ્તે અઝમ અને મોહબ્બત હોવી જોઇએ "તફાદી" માં જે બહાદુરીનો ઇઝહાર કરવાનો છે એને જિસ્માની આકર્ષણથી કંઇ લાગતુ વળગતું નથી. બલકે એના લીધે તો એક રોશન દિમાગ અને વિનમ્ર દિલ કે જે ખિદમતનો અઝમ કરી ચૂકું હોય એની જરૂરત છે.

હજી, તફાદીની મઅના થાય છે કે "છોડી દેવું અને ખુશ થાવું" અહીંયા એક ઘણાં નાઝુક તફાવત તરફ ધ્યાન દોરવવાનું રહ્યું કે "ત્યજી દેવું" અને "છોડી દેવું" એમાં તફાવત એમ છે કે કોઇ ચીજને ત્યજી દીધાં પછી પણ આપણને એની તરફની લાલસાં રહી પણ જાય પણ પોતાના મૌલા માટે કોઇ ચીજ "છોડી દેવી" યા "જતી કરવી" એમાં કોઇ અનેરો આનંદ હોય, ખુશી હોય, કંઇ અફસોસના હોય, કોઇ લાલસા પણ ન રહી જાતી હોય. એવાં ઘણાં મુમીનીન છે કે જે પોતાના મૌલા વાસ્તે પોતાની જિંદગી જીવવાની રીતને "લાઇફ સ્ટાઇલ" ને પોતાની રીત મુજબની કમાણીને "લાઇવલીહુડ" ને પોતાની આદતોને પોતાના એશો ઇશરતના લગાવને ભૌતીક આકષણો છોડી દીધા છે અને જાવેદાની ખુશી હાસીલ કીધી છે કરી રહ્યા છે અને આઇન્દા કરતાં રહેશે.

આમ "છોડી દેવા" ના સબબ તમે એ રોશનીનો ભાગ બની જાઓ છો જે શમ્અમાંથી નિકલતી હોય છે. પરવાનાનું શમ્અ પર ફિદા થાવું અને મુમીનનું શમ્અમાં ફિદા થઇ વિલીન થઇ જાવું જે ખુદ રોશનીમાં તબદીલ થઇ જાય એમાં તફાવત છે.

આમ એક રીતે જોશો તો તમને સમસ્ત કાએનાતમા, આલમે નજમમાં તફાદીનો નતીજો નઝર આવશે કે જે તમામ જિંદગીના બધાંજ પાસાઓમાં નિરંતર પ્રસરાએલી છે, જેમ કે ઝાડપાન, વનસ્પતી વગેરેમાં જોશો તો એ સૂરજથી શક્તિ ગ્રહણ કરી એને ફલોમાં, શાકભાજીમાં, કઠોળમાં રૂપાંતર કરે છે જે ઇન્સાનોના જાનવરોના ખાવાપીવામાં વપરાય છે.

એ જ પ્રમાણે જાનવરો પછી ઇન્સાનોના ફાયદા વાસ્તે કામ આવે છે.

આમ તફાદીની ઘણી લાંબી સાંકળ કાએનાતમાં એકબીજાને સાંકળી લેતી વુજુદમાં છે. મગર આ લેખનાં સંદર્ભમાં મુમિન જો એના મૌલા પર સચ્ચી "તફાદી" કરે એની આ છોટી સી ઝિંદગીમાં, તો એને જાવેદાની હયાત હાંસિલ થાય જે આ લેખનો મકસદ છે.

આ "તફાદી" માં આપને કોઇ દુનિયાની લાલચ અથવા હવે પછીની ઝિંદગીની કોઇ આરઝૂની ખોજ નથી. કોઇ ખોજ જ નથી. કોઇ તેહસીલની ઉમ્મીદ છે તો ફક્ત આકા મૌલાની ખુશી.

જેમ પરવાના શમ્અ પર ઝંપલાય છે એમ આપણે આકા મૌલાની રૂહાનિયતમાંથી નિકળતી રોશની તરફ ઝંપલાયને એમાં વિલીન થઇ જઇએ. એકવાર એમાં વિલીન થઇએ કે પછી આપણી દુનિયાની લાલસાઓ આથમી જાય. મૌલા પોતાની મુસ્કરાહટથી અપના થી ખુશ થઇને એના કનફમાં લઇ લે જે અપના દિલોમાં હઝારો શમ્અને રોશન કરી દે અપને કંઇ જોઇતું નથી આનાથી વધારે કે અમારી દુનિયાની લાલસાંની કોશિષો જ ન રહે હવે એ મૌલા જ અમારા વાસ્તે ખુદ તલબ કરશે વો રોશન જાવેદાની ઝિંદગી જેનું એ મૌલા જ અમને હંમેશા યકીન દિલાવતાં રહે છે.

ખુદા અમારા આકા મૌલા, અમારા જાનોસી અવલા સૈયદના મોહમ્મદ બુરહાનુદદીન સાહેબ (ત.ઉ.શ.) ને સેહતો આફિયતના સાથે તા કયામત બાકી રાખે.

આમીન.....

**અબ્દે સૈયદના (ત.ઉ.શ.)**
**અસગર ફખરૂદદીન**
www.hikmaah.com

*Gujarati Translation by :*
**Bhai Mohammad Rangoonwala**
**Kolkata**